GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના"
હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ બારસ શનિવાર ૧૧ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૨૧

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# ચીનનો નવો ડેમ ભારત માટે જીવતો 'ટાઈમ બૉમ્બ' જેવો

## દેશભરમાં મેઘપ્રકોપ: પહાડો પર આભ ફાટવા જેવી સ્થિતિ



**ઉત્તર-પૂર્વના** રાજ્યોમાં પૂરની આફત વચ્ચે હજારો લોકોનું સ્થળાંતર, વરસાદી દુર્ઘટનાઓમાં વધુ પાંચના મોત

**ઉત્તરાખંડ-**હિમાચલમાં શાળાઓ બંધ, કેટલીક ટ્રેનો રદ કરાઈ, હિમાચલમાં ઓરેન્જ એલર્ટ

**ભૂસ્ખલનથી** યમનોત્રી નેશનલ હાઈવે સહિત 118 રસ્તાઓ બંધ

**નવી દિલ્હી/શિમલા/દેહરાદૂન, તા. 10 (PTI):** દેશના વિવિધ રાજ્યોમાં મુશળધાર વરસાદ અને ભૂસ્ખલનને કારણે જનજીવન ભારે પ્રભાવિત થયું છે. પહાડી રાજ્યો હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં આભ ફાટવા જેવી સ્થિતિ વચ્ચે હાઈવે બંધ થયા છે, જ્યારે ઉત્તર પૂર્વીય રાજ્યો મિઝોરમ અને ત્રિપુરામાં પૂરના કારણે હજારો લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. દેશભરમાં વરસાદી દુર્ઘટનાઓમાં વધુ પાંચ લોકોના મોત નીપજ્યા છે. બીજી તરફ દિલ્હી-NCR અને રાજસ્થાનમાં વરસાદ રોકાતાં તાપમાનમાં થોડો વધારો થવાની સંભાવના છે.

હિમાચલ પ્રદેશમાં મુશળધાર વરસાદથી વ્યાસ નદીનું સ્તર વધતાં રિવર રાફ્ટિંગ પર પ્રતિબંધ લગાવાયો છે અને સિરમૌર-સોલનમાં શાળાઓ બંધ કરાઈ છે. કુલ્લુમાં પહાડી પરથી પથ્થરો પડતાં એક વૃદ્ધનું મોત થયું છે, જ્યારે સોલનમાં બે લોકો ઘાયલ થયા છે. કાલકા-શિમલા હાઈવે પર વાહનો એક જ લેનમાં ડાયવર્ટ કરાયા છે. કિન્નૌરમાં સેનાની મદદથી બનેલો સાંગલા બેઈલી બ્રિજ ક્ષતિગ્રસ્ત થતાં ખીણનો સંપર્ક તૂટવાનો ભય છે. ખરાબ હવામાનના કારણે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાનો લાહૌલ-સ્પીતીનો પ્રવાસ પણ મોકૂફ રખાયો છે. નેટવર્ક સમસ્યા નિવારવા ચંબા અને કુલ્લુ સહિતના વિસ્તારોમાં 'ઇન્ટ્રા-સર્કલ રોમિંગ' સુવિધા શરૂ કરાઈ છે. હવામાન વિભાગે આગામી 15 જુલાઈ સુધી રાજ્યમાં ભારે વરસાદનું 'યલો એલર્ટ' જાહેર કર્યું છે અને કુલ્લુ પ્રશાસને લોકોને રાત્રે મુસાફરી ન કરવા તથા નદી-નાળાથી દૂર રહેવા ચેતવણી આપી છે.

ઉત્તરાખંડમાં છેલ્લા 24 કલાકમાં ભારે વરસાદને લીધે યમનોત્રી નેશનલ હાઈવેનો 100

...અનુસંધાન પાના 4 પર



**ખુદ** ચીની ભૂસ્તરશાસ્ત્રીઓએ જ અભ્યાસ કરીને જણાવ્યું કે બ્રહ્મપુત્રા નદી પર બંધાઇ રહેલા આ વિશ્વના સૌથી મોટા હાઇડ્રોપાવર પ્રોજેક્ટની બરાબર નીચે એક સક્રિય ફોલ્ટ લાઇન છે

**ભૂસ્તરીય** ટાઇમ બોમ્બ જેવો આ બંધ ભારતની સરહદથી માત્ર ૫૦ કિલોમીટર દૂર છે

**આ પ્રોજેક્ટ** જ્યાં બની રહ્યો છે તે પાઈ ગામ સૌથી શક્તિશાળી ભૂકંપ ક્ષેત્રમાં આવે છે

**હાઇડ્રોપાવર** પ્રોજેક્ટ નીચેની જમીન ધણધણશે તો અરૂણાચલ-આસામ પર આવશે આફત

**બૈજિંગ, તા. 10:** ચીની ભૂસ્તરશાસ્ત્રીઓએ તારણ કાઢ્યું છે કે ચીન જે બાંધી રહ્યું છે તે વિશ્વના સૌથી મોટા હાઇડ્રોપાવર પ્રોજેક્ટની બરાબર નીચે આવેલી એક સક્રિય ફોલ્ટ લાઇન, તિબેટની યારલુંગ ત્સાંગપો(બ્રહ્મપુત્રા) નદી પર અત્યારે બની રહેલા મેગા-ડેમ માટે જોખમ ઊભું કરે છે. ભારત માટે આ એક મોટી ચિંતાનો વિષય છે કારણ કે જળ વિદ્યુત પ્રોજેક્ટ માટેનો આ બંધ ભારતના અરૂણાચલ પ્રદેશની સરહદથી માત્ર ૫૦ કિ.મી.ના અંતરે છે.

વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે પૂર્વીય હિમાલય ક્ષેત્રમાં પૃથ્વીના પોપડામાં આવેલી આ તિરાડ, આ વિશાળ મેડોગ હાઇડ્રોપાવર પ્રોજેક્ટના માળખાકીય સુરક્ષાને નોંધપાત્ર રીતે અસર કરશે. સરકારી માલિકીના ચાઈના જીઓલોજિકલ સર્વેની દેખરેખ હેઠળ ચીનની વિવિધ સંસ્થાઓના નિષણાતોની ટીમે એક અભ્યાસ હાથ ધર્યો હતો. ગયા મહિને ચીની ભાષાના જર્નલ 'સેડિમેન્ટરી જીઓલોજી એન્ડ ટેથયન જીઓલોજી'માં પ્રકાશિત થયેલા એક સંશોધન પત્રમાં, આ ટીમે ઈજનેરોને અપીલ કરી છે કે તેઓ ભૂસ્ખલન અને ડેમ તૂટી પડવાના જોખમને ઘટાડવા માટે ઢોળાવની સ્થિરતા મજબૂત કરે અને રક્ષણાત્મક દિવાલોનું નિર્માણ કરે. તાજેતરના અભ્યાસમાં, ટીમે જણાવ્યું હતું કે આ બંધ જ્યાં બંધાઈ રહ્યો છે તે મેડોગ કાઉન્ટીનું પાઈ ગામ હિમાલયન ભૂકંપીય ક્ષેત્રમાં આવેલું છે, જ્યાં ચીન અને તેના પડોશી પ્રદેશોમાં સૌથી શક્તિશાળી અને વારંવાર ભૂકંપ આવે છે. યારલુંગ ત્સાંગપો નદી કિનારે એક મજબૂત ભૂકંપીય સક્રિય ઝોન રચાયો છે. આવા વિસ્તારમાં બંધ બાંધવાથી

...અનુસંધાન પાના 4 પર

## સુપ્રીમ કોર્ટમાં હંગામો: જજોને આદેશ આપી અરજદારે કાગળો હવામાં ઉછાળ્યા



**ચીફ** જસ્ટિસ માટે અપશબ્દો બોલ્યો, અરજદારે સુપ્રીમના જજોને લખનૌ એસીપી સામે કેસ નોંધવા આદેશ આપ્યો, કાગળો હવામાં ઉડાવ્યા

**સુરક્ષા** કર્મીઓ તેને ઘસડીને બહાર લઇ ગયા, સુપ્રીમ કોર્ટે ઉદારતા બતાવી અવમાનનાની કાર્યવાહી કરી નહીં

**નવી દિલ્હી, તા. 10 :** અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટમાં આજે એક નાટ્યાત્મક ઘટના બની હતી, જેમાં અરજદારે અને હાજર જજોને આદેશ આપવાનો પ્રયાસ કર્યો હતો અને કોર્ટરૂમમાં ભારતના ચીફ જસ્ટિસ વિરુદ્ધ અપશબ્દો બોલ્યો હતો, અને અદાલત ખંડમાં કાગળો ઉછાળ્યા હતા. બાદમાં તેને સુરક્ષા કર્મચારીઓ ઘસડીને બહાર લઇ ગયા હતા.

સુનાવણીની શરૂઆતમાં જ વકીલના બેન્ડ વિના કાળો કોટ પહેરીને આવેલા આ અરજદારે ન્યાયાધીશો સમક્ષ અત્યંત આક્રમક વલણ અપનાવ્યું હતું. તેણે બેન્ચને સંબોધતા કહ્યું, 'મિસ્ટર જ્યુડિશિયલ સર્વન્ટ (ન્યાયિક સેવક), હું તમને આદેશ આપું છું કે તમે લખનૌના એસીપી વિરુદ્ધ એફઆઈઆર નોંધવાનો આદેશ આપો.' આ સાંભળીને આશ્ચર્યચકિત થયેલા જસ્ટિસ વિશ્વનાથને પૂછ્યું, 'તમે મને આદેશ આપી રહ્યા છો? તમે અમને આદેશ આપી રહ્યા છો?' ત્યારબાદ અરજદારે કહ્યું, 'મારા તરફથી આટલું જ છે, બધું રેકોર્ડ પર ઉપલબ્ધ છે.' આટલું કહીને તેણે કોર્ટરૂમમાં અસંસદીય અપશબ્દો બોલવાનું શરૂ કર્યું અને પોતાના કેસના કાગળો હવામાં ફેંકી દીધા હતા. આ અણધારી વર્તણૂકને પગલે ત્યાં હાજર સુરક્ષાકર્મીઓએ તાત્કાલિક હસ્તક્ષેપ કરીને અરજદાર પર કાબૂ મેળવ્યો હતો અને તેને પકડીને કોર્ટરૂમની બહાર કાઢી મૂક્યો હતો, જેથી આગળની ન્યાયિક કાર્યવાહી ચાલુ રાખી શકાય.

આ ઘટના સવારે ૧૧ વાગ્યાની આસપાસ જસ્ટિસ કે.વી. વિશ્વનાથન અને જસ્ટિસ આલોક અરાધેની આંશિક કાર્ય દિવસની બેન્ચ સમક્ષ ઘટી હતી. પ્રબલ પ્રતાપ તરીકે ઓળખાયેલા

...અનુસંધાન પાના 4 પર

## અમેરિકાની ફેડરલ રીઝર્વની કામગીરીની સમીક્ષા માટેની પેનલમા રઘુરામ રાજન

**વોશિંગ્ટન, તા. 10 (PTI):** યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા તેની નાણાકીય નીતિ ઘડવાની પદ્ધતિની સમીક્ષા કરવા માટે આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજન, દિલ્હીમાં જન્મેલા અમેરિકન અર્થશાસ્ત્રી રાજ ચેટ્ટી અને માઈક્રોસોફ્ટના વરિષ્ઠ એક્ઝિક્યુટિવ આશા શર્માની નિમણૂક કરવામાં આવી છે. યુએસ ફેડરલ રિઝર્વના નવનિયુક્ત ચેરમેન કેવિન વોર્શ દ્વારા જાહેર કરવામાં આવેલી પાંચ ટાસ્ક ફોર્સમાં બેંક ઓફ ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ગવર્નર મર્વિન કિંગ, વોલમાર્ટના ભૂતપૂર્વ સીઈઓ ડગ મેકમિલોન, નોબેલ પુરસ્કાર વિજેતા થોમસ સાર્જન્ટ અને સિલિકોન વેલીના

...અનુસંધાન પાના 4 પર

## શેખ હસીના ડિસેમ્બરની આસપાસ બાંગ્લાદેશ પરત ફરશે

**બાંગ્લાદેશના** આ ભૂતપૂર્વ વડાપ્રધાને એક અખબારી મુલાકાતમાં પ્રથમ વખત સ્પષ્ટતા કરી

**તેઓ** મને મારી પણ નાખી શકે છે છતાં જઇશ, આત્મસમર્પણ કરશે



**નવી દિલ્હી, તા. 10:** બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના, જેમને તેમના દેશની એક અદાલતે મૃત્યુદંડની સજા સંભળાવી છે, તેમણે જણાવ્યું છે કે તેઓ અને તેમની હવે પ્રતિબંધિત અવામી લીગના વરિષ્ઠ નેતાઓ ડિસેમ્બરની આસપાસ ભારતમાંથી સ્વૈચ્છિક દેશવટામાંથી પરત ફરવા અને કોર્ટ સમક્ષ આત્મસમર્પણ કરવાનું આયોજન કરી રહ્યા છે. હસીનાએ ઉમેર્યું કે તેમના જીવને જોખમ છે, તેમ છતાં તેઓ તેમના વતનમાં પરત ફરશે.

હસીના 5 ઓગસ્ટ, 2024થી

...અનુસંધાન પાના 4 પર

## લડાઈ અટકી: ઈરાન-અમેરિકા ફરીથી વાતચીત શરૂ કરશે

**મધ્યસ્થીઓ** બંને દેશો વચ્ચે રાજદ્વારી મંત્રણાઓ ફરી શરૂ કરાવવા પ્રયાસ કરી રહ્યા છે

**ટ્રમ્પે કહ્યું** કે ઇરાને મંત્રણા માટે વિનંતી કરી છે, અમે હા પાડી છે પરંતુ યુદ્ધ વિરામ હવે સમાપ્ત થઇ ગયો છે

**દુબઈ, તા. 10 :** ઈરાન અને અમેરિકા વચ્ચે બે દિવસ સુધી ચાલેલી સૈન્ય કાર્યવાહી બાદ હાલ સામસામા હુમલાઓ અટકી ગયા છે. અલ જઝીરાના જણાવ્યા અનુસાર, હવે મધ્યસ્થી કરી રહેલા દેશો બંને પક્ષો વચ્ચે ફરીથી રાજદ્વારી વાતચીત શરૂ કરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેથી તણાવ વધુ ન વધે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પે પણ એ વાતને સમર્થન આપ્યું છે કે વાતચીત થશે.

જે મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યું છે તે કતારે તણાવ વધતો અટકાવવા માટે વાતચીત ચાલુ રાખવા ઈરાન અને અમેરિકાને વિનંતી કરી છે. કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલરહમાન બિન જાસિમ અલ થાનીએ હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોની અવિરત અવરજવર જાળવી રાખવા પર પણ ભાર મૂક્યો હતો. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વાતચીત ચાલુ રાખવા

...અનુસંધાન પાના 4 પર

### ઈરાન પર રહસ્યમય હવાઈ હુમલાથી સસ્પેન્સ

**અમેરિકાએ** હુમલાઓ સમાપ્ત થવાની જાહેરાત કરી તે પછી ઇરાન પર અજાણ્યા હુમલાઓ થયા

**ઇરાનના** અનેક પ્રાંતો અને શહેરો પર હવાઇ હુમલા થયા અને વિસ્ફોટો થયા

**ઇઝરાયેલે** પણ આ હુમલાઓની જવાબદારી લીધી નહીં, આ હુમલા કોણે કર્યા તે અંગે ઉઠી રહેલા પ્રશ્નો

**દુબઈ, 10 (AP):** અમેરિકાએ તેના હુમલાઓ સમાપ્ત કર્યાની જાહેરાત કર્યા બાદ, ઈરાન પર થયેલા શ્રેણીબદ્ધ દાવા વગરના હવાઈ હુમલાઓએ ફરી એકવાર એ સવાલો ઊભા કર્યા છે કે ઈસ્લામિક રિપબ્લિકને અન્ય કોણ નિશાન બનાવી રહ્યું હોઈ શકે છે. ગુરુવારે થયેલા આ હુમલા એવા સમયે થયા જ્યારે ઈરાન તેના દિવંગત સર્વોચ્ચ નેતા અલી ખામેનીની દફનવિધિની તૈયારી કરી રહ્યું હતું. આ હુમલાઓએ દક્ષિણ ઈરાનના

...અનુસંધાન પાના 4 પર

#### ક્યાં ક્યાં હુમલા થયા?

હુમલા સમાપ્તિની અમેરિકાની જાહેરાતની થોડી જ વાર પછી, ઈરાની ન્યૂઝ આઉટલેટ્સ અને સરકારી મીડિયાએ દેશના બુશેહર અને સિસ્તાન-બલુચેસ્તાન પ્રાંતો, અહવાઝ અને ચાબહાર શહેરો તેમજ અન્ય વિસ્તારોને નિશાન બનાવીને શ્રેણીબદ્ધ હવાઈ હુમલા અને વિસ્ફોટો થયા હોવાના અહેવાલ આપ્યા હતા. અમેરિકી સૈન્ય અભિયાનની ઓપરેશનલ વિગતો પર ચર્ચા કરવા માટે નામ ન આપવાની શરતે એક અમેરિકી સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે, ગુરુવારે સવારે છેલ્લો તબક્કો પૂરો થયા બાદ અમેરિકા દ્વારા કોઈ નવા હુમલા કરવામાં આવ્યા નથી.

### ઇરાન ટ્રમ્પની હત્યાનું કાવતરું ઘડી રહ્યું હોવાની બાતમી ઇઝરાયેલે આપી

**જો કે** કેટલાક અમેરિકી અધિકારીઓ માને છે કે અમેરિકાના નિર્ણયોને પ્રભાવિત કરવાનો આ ઇઝરાયેલનો પ્રયાસ કોઇ શકે છે, ટ્રમ્પ-નેતાન્યાહુએ ફોન પર વાત કરી

**વોશિંગ્ટન.** વોલ સ્ટ્રીટ જર્નલે શુક્રવારે અહેવાલ આપ્યો છે કે, ઈઝરાયેલે અમેરિકા સાથે નવી ગુપ્તચર માહિતી શેર કરી છે, જેમાં તેનો દાવો છે કે ઈરાન અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યા કરવાનું નવું કાવતરું ઘડી રહ્યું છે. ટ્રમ્પે નેતાન્યાહુ સાથેના પોતાના સંબંધો વિશે પણ વાત કરી હતી અને તેને સારા ગણાવ્યા હતા, પરંતુ સાથે ઉમેર્યું હતું કે તેમણે તેમને (નેતાન્યાહુને) થોડાક મર્યાદામાં રાખવા પડે છે. જો આ ગુપ્તચર માહિતીની પુષ્ટિ થાય, તો તે એવા સમયે આવી છે જ્યારે તાજેતરમાં થયેલા પરસ્પર હુમલાઓને કારણે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે તણાવ પહેલેથી જ વધી ગયો છે. ઈરાને લાંબા સમયથી ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના કુદ્સ ફોર્સના ભૂતપૂર્વ કમાન્ડર કાસિમ સુલેમાનીની હત્યાનો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી છે. સુલેમાનીની ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન તેમના આદેશ પર લેવાયેલા અમેરિકી ડ્રોન હુમલામાં હત્યા કરવામાં

...અનુસંધાન પાના 4 પર

## E20 પેટ્રોલથી માઈલેજ ઘટશે, પણ ફાયદા વધુ: સરકાર

**પંપ** પર અલગ પેટ્રોલ નહીં મળે અને કિંમતો પણ નહીં ઘટે

**નવી દિલ્હી, તા. 10 (PTI):** 20 ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ (E20) કેટલાક વાહનોમાં ઈંધણની એવરેજ (માઈલેજ) 3 થી 5 ટકા ઘટાડી શકે છે, એમ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું.

જો કે, મંત્રાલયે દલીલ કરી છે કે આ નજીવા નુકસાનની સામે તેના ફાયદા ઘણા વધારે છે. આ ઈંધણ ઉચ્ચ ઓક્ટેન રેટિંગ, સુપિરિયર એન્ટી-કનોક લાક્ષણિકતાઓ, ઝડપી દહન, વધુ સારું પિકઅપ, સ્મૂધ એક્સિલરેશન, એન્જિનની સ્વચ્છ કામગીરી અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો જેવા અનેક લાભો આપે છે. E10 અથવા શુદ્ધ પેટ્રોલની તુલનામાં E20 એ વધુ સ્વચ્છ, ઉચ્ચ ગુણવત્તાવાળું અને વધુ કાર્યક્ષમ ઈંધણ છે, જેને વર્ષોના વૈજ્ઞાનિક પરીક્ષણો અને ઓટોમોબાઈલ ઉત્પાદકો સાથેના પરામર્શ બાદ જ દેશભરમાં લાગુ કરવામાં આવ્યું છે.

**૧. માઈલેજમાં ઘટાડો અને ઈંધણની ગુણવત્તા:**

પેટ્રોલિયમ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨૦% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ (E20) ના કારણે વાહનોની માઈલેજમાં ૩ થી ૫ ટકાનો નજીવો ઘટાડો થઈ શકે છે. જોકે, તેની સામે E20 વધુ સ્વચ્છ અને ઉચ્ચ ગુણવત્તાવાળું ઈંધણ છે, જે વધુ સારું પિકઅપ, સ્મૂધ એક્સિલરેશન, એન્જિનની સ્વચ્છતા અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો જેવા અનેક લાભો આપે છે.

**૨. જૂના વાહનોની સુરક્ષા અંગે દલીલ:**

વર્ષ ૨૦૨૩ પહેલાના વાહનોમાં માઈલેજ ઘટવાની ચિંતાઓ વચ્ચે સરકારે સ્પષ્ટ કર્યું છે કે ARAI અને SIAM જેવી સ્વાયત્ત સંસ્થાઓના વ્યાપક પરીક્ષણો બાદ જ આ ઈંધણ લાગુ કરાયું છે. મારુતિ સુઝુકી અને હીરો મોટોકોર્પ જેવા અગ્રણી ઉત્પાદકોના જણાવ્યા મુજબ, સર્વિસ કરાયેલા વાહનોમાં એન્જિન ડેમેજ કે કાટ લાગવાની કોઈ ફરિયાદ મળી

...અનુસંધાન પાના 4 પર

### તા. ૧૦-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૭૯૧.૦ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૧૨.૮૨ ફૂટ | આઉટફ્લો ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૮ સે. | ૨૭.૮ સે. | ૭૫% |